# ગુજરાતના નવા પટેલ : ભૂપેન્દ્ર પટેલ

## ગુજરાતના નવા મુખ્યમંત્રી તરીકે ભૂપેન્દ્ર પટેલનું નામ જાહેર કરાયું : કેન્દ્રીય મંત્રી નરેન્દ્રસિંહ તોમરે જાહેરાત કરી : નવા સીએમનું નામ નક્કી કરવા માટે ભાજપ કમલમ ખાતે કોર કમિટીની બેઠકમાં નિર્ણય : ભૂપેન્દ્ર પટેલને કામગીરીનો બહોળો અનુભવ છે : રૂપાણી

ગાંધીનગર, તા.૧૨

રવિવારે ગુજરાતના નવા સીએમની જાહેરાત કરી દેવામાં આવી છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં ઘાટલોડિયાના ધારાસભ્ય ભૂપેન્દ્ર પટેલ (૫૯)નું નામ જાહેર કરવામાં આવ્યું હતું. જણાવી દઈએ કે, શનિવારે વિજય રૂપાણીએ અચાનક જ મુખ્યમંત્રી પદ પરથી રાજીનામું આપી દીધા બાદ આજે નવા સીએમનું નામ નક્કી કરવા માટે ભાજપ કમલમ ખાતે કોર કમિટીના બેઠક બાદ ગુજરાત ભાજપના ધારાસભ્ય દળની બેઠક મળી હતી. જેમાં વિજય રૂપાણીએ નવા મુખ્યમંત્રી તરીકે ભૂપેન્દ્ર પટેલનો પ્રસ્તાવ મૂક્યો હતો. ત્યારબાદ કેન્દ્રીય મંત્રી નરેન્દ્રસિંહ તોમરે રાજ્યના નવા મુખ્યમંત્રી તરીકે ભૂપેન્દ્ર પટેલના નામની જાહેરાત કરી હતી.

રાજ્યના નવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અંગે વાત કરવામાં આવે તો તેઓએ વર્ષ ૨૦૧૭માં ઘાટલોડિયા વિધાનસભા બેઠક પરથી પહેલીવાર ચૂંટણી લડ્યા હતા. ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીમાં ભૂપેન્દ્ર પટેલને ટિકિટ આપવી કે નહીં તેને લઈને ભાજપમાં જ અસમંજસ હતી. તેમને છેલ્લી ઘડીએ ટિકિટ આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું. જોકે, કોંગ્રેસના શશિકાંત પટેલને તેમણે ૧.૧૭ લાખ મતથી હરાવીને પોતાના વિરોધીઓની



બોલતી બંધ કરી દીધી હતી. પ્રાપ્ત માહિતી મુજબ ભૂપેન્દ્ર પટેલ મેમનગર નગરપાલિકાના ચેરમેન અને પછી અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનની સ્ટે. કમિટીના ચેરમેન પણ રહી ચૂક્યા છે. રાજ્યમાં અત્યારસુધી ફક્ત લેઉવા પાટીદાર મુખ્યમંત્રી બનતા હતા પરંતુ પહેલીવાર કડવા પાટીદાર મુખ્યમંત્રી તરીકે ભૂપેન્દ્ર પટેલની પસંદગી કરવામાં આવી છે.

ઘાટલોડિયાના ધારાસભ્ય ભૂપેન્દ્ર પટેલનું મુખ્યમંત્રી તરીકેનું નામ જાહેર કરીને ભાજપ હાઈકમાન્ડે ફરી એકવાર બધાને ચોંકાવ્યા છે. ધારાસભ્ય દળની બેઠકમાં ભૂપેન્દ્ર પટેલના નામની દરખાસ્ત કરવામાં આવી હતી. ભૂપેન્દ્ર પટેલ એ જ બેઠક પરથી ધારાસભ્ય છે જે પહેલા પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલ ધારાસભ્ય હતા. ભૂપેન્દ્ર પટેલને તેમની નજીક માનવામાં આવે છે. ભૂતપૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ભૂપેન્દ્ર પટેલના નામની દરખાસ્ત કરી હતી. ત્યારબાદ કેન્દ્રીય મંત્રી નરેન્દ્રસિંહ તોમરે ભૂપેન્દ્ર પટેલના નામની જાહેરાત કરી હતી. ભૂપેન્દ્ર પટેલનું સીએમ તરીકે નામ જાહેર થયા બાદ રૂપાણીના જણાવ્યા અનુસાર નેતૃત્વ ભલે બદલાયું હોય પરંતુ ૨૦૨૨ની ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ભાજપની જ જીત થશે.

● અનુસંધાન પાન-૭ પર

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૧૮૩ ૧૩ સપ્ટેમ્બર, ૨૦૨૧, સોમવાર; ભાદરવા સુદ - ૭ પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦




### ગાંધીનગરમાં ધમધમાટ

- ભાજપના મુખ્યાલય કમલમ ખાતે રાજ્યના નવા મુખ્યમંત્રીની વરણી માટે છેલ્લા ૨૪ કલાકથી ઉત્તેજના પ્રવર્તતી હતી જેના સાંજે ૩.૪૬ વાગ્યે ભૂપેન્દ્ર પટેલનું નામ જાહેર થતાંની સાથે જ ઉત્તેજનાનો અંત આવ્યો હતો... ઘાટલોડીયાના લોકપ્રિય ધારાસભ્ય ભૂપેન્દ્ર પટેલને નવા મુખ્યમંત્રી તરીકે વરણી થતાં પક્ષના મોવડીઓએ એકતાની મુદ્રા અભિવ્યક્ત કરી હતી... ત્યારબાદ કેન્દ્રીય નિરીક્ષકો, કાર્યકારી મુખ્યમંત્રી વિજય રૂપાણી, પ્રદેશ પ્રમુખ સી. આર. પાટીલ સહિતના અગ્રણીઓ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતને રાજભવન ખાતે મુલાકાત લીધી હતી.



# આજે શપથવિધિ સમારોહમાં અમીત શાહ ખાસ ઉપસ્થિત રહેશે

ગાંધીનગર, તા. ૧૨

કેન્દ્રીય ગૃહમંત્રી અને ગાંધીનગરના સાંસદ અમીત શાહ આજે ગાંધીનગર ખાતે પદનામિત મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના શપથવિધિ સમારોહમાં ખાસ હાજરી આપવા આવી રહ્યા છે.

અમીત શાહ, પ્રદેશ પ્રમુખ સી.આર. પાટિલ પદનામિત મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તેમજ પ્રદેશના આગેવાનોની હાજરીમાં મંત્રીમંડળની રચના અંગે ચર્ચા વિચારણા કરશે. આ બેઠકમાં મહામંત્રી રત્નાકરજી તેમજ અપેક્ષિત આગેવાનો જ હાજર રહેશે.

રાજ્યના નવા મંત્રીમંડળમાં નાયબ મુખ્યમંત્રી પદ નહિ હોય તેવી સ્પષ્ટ વાતો બહાર આવી રહી છે. આ ઉપરાંત રૂપાણી મંત્રીમંડળમાંથી કેટલાક મંત્રીઓને પડતા મુકવામાં આવે તેવી પણ શક્યતા છે. જો કે નવા ચહેરાઓને વધુ સ્થાન આપવામાં આવશે અને રાજ્યના બધા જ વર્ગોનું પ્રતિનિધિત્વ મળે તેના પર ભાર મુકવામાં આવશે.

પદનામિત મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ કેન્દ્રિય ગૃહમંત્રી અમીત શાહના સંસદીય મત વિસ્તારના ધારાસભ્ય છે અને ગૃહમંત્રીને સૌથી વધુ લીડ પણ તેમના મત વિસ્તારમાંથી મળી હતી જે નોંધનીય છે.

નવા મંત્રીમંડળની રચના બે થી ત્રણ દિવસ બાદ કરવામાં આવશે તેમ મનાઈ રહ્યુ છે. રચનાને આખરી ઓપ આપતા પૂર્વે ભૂપેન્દ્રભાઈ દિલ્હી પણ જશે અને વડાપ્રધાન મોદી સાથે મુલાકાત કરશે તેમ જાણવા મળેલ છે.

### ભૂપેન્દ્રભાઈ પટેલને મુખ્યમંત્રી તરીકે શપથ ગ્રહણ કરવા આમંત્રણ પાઠવતા રાજ્યપાલશ્રી

**શપથ ગ્રહણ સમારોહ તા.૧૩, સપ્ટેમ્બર ૨૦૨૧ના રોજ બપોરે ૨:૨૦ કલાકે રાજભવન ખાતે યોજાશે**

ગાંધીનગર, તા.૧૨

ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતને રાજભવન ખાતે ભારતીય જનતા પાર્ટીના વિધાયક દળના નવનિયુક્ત નેતા અને ધારાસભ્ય શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે મળીને રાજ્યમાં તેમનાં નેતૃત્વની નવી સરકારની રચના માટેનો પ્રસ્તાવ રજૂ કરતો પત્ર સુપ્રત કર્યો હતો. રાજ્યપાલશ્રીએ તેમના પ્રસ્તાવનો સ્વીકાર




કરીને તેમને આવતી કાલે એટલે કે તા.૧૩ સપ્ટેમ્બર,૨૦૨૧ને સોમવારના રોજ બપોરના ૨.૨૦ કલાકે મુખ્યમંત્રી તરીકેના શપથ ગ્રહણ કરવા માટે આમંત્રણ પાઠવ્યું હતું. શપથ ગ્રહણ સમારોહ રાજભવન ખાતે યોજાશે.

# ભારતે તાલિબાનની સરકારને સમર્થન આપવાનો ઈનકાર કર્યો

નવી દિલ્હી, તા.૧૨

તાલિબાનોએ નવી સરકારની રચના કરવાની સાથે અસલી ચહેરો બતાવવું શરૂ કરી દીધું છે. ક્રૂર તાલિબાનોએ એક અફઘાન સૈનિકનો માથું કાપતો ૩૦ સેકન્ડનો એક વીડિયો તેના ખાનગી ચેટ રૂમમાં શૅર કર્યો હતો. જોકે, આ વીડિયો ક્યાંનો અને કયા સમયનો છે તે સ્પષ્ટ થઈ શક્યું નથી. પરંતુ તાલિબાનો સત્તા પર આવતાં જ જૂની સરકારના અધિકારીઓ અને જવાનો સામે બદલાની નીતિથી કામ કરી શકે છે તેવી સંયુક્ત રાષ્ટ્રની આશંકા સાચી પડી રહી છે. તેનો વધુ એક બોલતો પુરાવો અફઘાનિસ્તાનના ભૂતપૂર્વ ઉપરાષ્ટ્રપતિ અમરુલ્લાહ સાલેહના ભાઈ રોહુલ્લાહ સાલેહની હત્યા છે. તાલિબાનોએ અમરુલ્લાહ સામે બદલો લેવા માટે તેમના ભાઈની હત્યા કરી દીધી. વધુમાં તાલિબાની શાસન શરૂ થતાં જ અફઘાનિસ્તાનમાં મહિલાઓ પર કોરડા વિંઝવાનું શરૂ થઈ ગયું છે.

અફઘાનિસ્તાનમાં તાલિબાનોએ વીજળીક ઝડપે




કાબુલ કબજે કર્યા પછી લગભગ એક મહિનાથી ભારતે 'થોભો અને રાહ જૂઓ'ની નીતિ અપનાવી હતી. જોકે, અંતે શનિવારે વિદેશ મંત્રી એસ. જયશંકરે અફઘાનિસ્તાનમાં તાલિબાનની સરકારને સમર્થનનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો હતો અને કહ્યું હતું કે અફઘાનિસ્તાનમાં વર્તમાન વચગાળાની સરકારને તેઓ એક વ્યવસ્થાથી વધારે કશું જ માનતા નથી. બીજીબાજુ સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિઓ ગુટરેસે ભારપૂર્વક કહ્યું કે અફઘાનિસ્તાનમાં તાલિબાનોના વિજયથી દુનિયામાં અન્ય સ્થળો પર પણ આતંકી જૂથોને પ્રોત્સાહન મળશે. તેમણે વૈશ્વિક આતંકવાદ મુદ્દે પણ ચર્ચા કરી હતી. વિદેશ મંત્રી એસ. જયશંકરે શનિવારે જણાવ્યું હતું કે, ભારત તાલિબાનની નવી સરકારને એક વ્યવસ્થાથી વધારે કશું જ માનતો નથી અને તેમાં પણ બધા વર્ગનો સમાવેશ કરાયો નથી, જે ચિંતાજનક બાબત છે. આ ઉપરાંત ભારતે અફઘાનિસ્તાનમાં મહિલાઓ અને લઘુમતીઓની સ્થિતિ અંગે પણ ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું કે અફઘાનિસ્તાનની જમીનનો દુનિયામાં અન્ય દેશોમાં આતંકવાદ માટે થવો ન જોઈએ. અમેરિકામાં ૯/૧૧ હુમલાની ૨૦મી વરસી છે. આ હુમલો યાદ અપાવે છે કે અમે આતંકવાદ વિરોધી લડાઈમાં કોઈપણ સમજૂતી નહીં કરીએ.

સફળતાના ૩૦ વર્ષ Since : 1991

## અમારી ૩૦ વર્ષની સફળ યાત્રા... અને ૩૧મા વર્ષમાં મંગળ પ્રવેશ

YEARS 30 1991 2021 Anniversary

એક જાણીતી કહેવત છે કે “વિશાળ યાત્રાનો પ્રારંભ પ્રથમ એક ડગલું ભરવાથી થતો હોય છે.” આ વાત આજે કેપિટલ ઓફસેટની સ્થાપનાને ૩૦ વર્ષ પૂર્ણ થાય છે અને ૩૧મા વર્ષમાં પ્રવેશીએ છીએ ત્યારે ખાસ યાદ આવે છે. અમે હવે માત્ર પ્રિન્ટીંગ પ્રેસ નથી પણ એક મોટો પરિવાર છીએ. અમારું એ સદ્‌ભાગ્ય રહ્યું છે કે ૧૩ સપ્ટેમ્બર, ૧૯૯૧ના રોજ “કેપિટલ ઓફસેટ”નો શુભારંભ કર્યો ત્યારે અમારી સાથે જે કેટલાક કર્મચારીઓ અને ગ્રાહકો સામેલ થયા હતા એ સૌ આજે ૩૦ વર્ષ પછી પણ અમારી સાથે સંકળાયેલા રહ્યા છે. આ અમારી કૌટુંબિક ભાવનાનું સુફળ છે.

પરમ આનંદની વાત તો એ છે કે અમારી આ સફળ યાત્રામાં આખુંય ગાંધીનગર સામેલ હોય એવો ભાવ અમે આજે અનુભવીએ છીએ. અત્યંત નમ્રતાથી અને આત્મશ્લાઘાનો આશરો લીધા વગર પણ એવું કહી શકાય એમ છે કે સમગ્ર ગાંધીનગર કેપિટલ ઓફસેટ સાથે સંકળાયેલું છે. ગાંધીનગરમાં વસતી પ્રત્યેક જ્ઞાતિ કે સમાજનું કામ કરવાની તક આ અમોને મળી છે. શહેરની તમામ સામાજીક, સાંસ્કૃતિક, શૈક્ષણિક તેમજ સેવાકીય સંસ્થાઓ, અખબારોના પ્રતિનિધિઓ કે હોદ્દેદારો અમારે આંગણે આવી પારિવારિક ભાવનાથી પ્રિન્ટીંગ અંગેનું કામ હરખભેર આપી ગયા છે. સરકારનાં તમામ વિભાગો, રાષ્ટ્રીયકૃત અને સહકારી બેંક તેમજ ડેરી, રાજ્ય સરકારના તમામ બોર્ડ, નિગમ, પંચાયતની કચેરીઓ તથા તમામ સંસ્થાઓની સેવા કરવાનો લાભ અમને મળ્યો છે.

અંગ્રેજીમાં જેને “માઉથ ટુ માઉથ પબ્લિસીટી” કહે છે તેવો પ્રચાર કેપિટલ ઓફસેટ માટે થયો હોય એવી અનુભુતિ આજે અમને થાય છે. ક્યારેક તો એવું અનુભવાય છે કે અમારે કશું બોલવાનું જ નથી. “અમારૂ કાર્ય જ બોલે છે” તેનું ઉદાહરણ આપવું હોય તો એમ કહી શકાય કે ગાંધીનગર સમાચારના તમામ વિશેષાંક તથા સૌરાષ્ટ્રના ખ્યાતનામ દૈનિક “ફૂલછાબ”નો દિવાળી અંક પ્રિન્ટ કરવાનો હોય કે પાઠ્યપુસ્તક મંડળનાં લાખો શૈક્ષણિક પુસ્તકો છાપવાનાં હોય કે ગુજરાત સરકારશ્રીની યોજનાઓ અંગેનું સાહિત્ય કેલેન્ડર, ડાયરી કે અન્ય કોઈ સાહિત્ય છાપવાનું હોય ત્યારે આ તમામ અમારી સાથે જોડાય છે જે અમારૂ સદ્‌ભાગ્ય છે.

૧૯૮૬માં યોગેશ્વર પ્રિન્ટીંગ પ્રેસના નામાભિધાન હેઠળ છાપકામનો વ્યવસાય ટ્રેડલ મશીનથી નાના પાયે સેક્ટર-૨૧માં ભાડાની જગ્યા લઈને શરૂ કરેલો. તેનું ૧૯૯૧માં કેપિટલ ઓફસેટમાં પરિવર્તન થયું. સરનામુ પણ બદલાયું. સેક્ટર-૨૧માંથી સેક્ટર-૨૮ના જી.આઈ.ડી.સી. માં મંગળ પ્રવેશ થયો. અમારૂ એ સદ્‌ભાગ્ય રહ્યું કે અમારી યશસ્વી યાત્રાના પાયામાં ટીમવર્કનો બહુ મોટો ફાળો રહ્યો છે. અમને કર્મચારીઓ, તજજ્ઞો અને ગ્રાહકો ખૂબ પ્રેમાળ મળ્યા છે. એમ નમ્રપણે સ્વીકારવું જ રહ્યું.

પરિવર્તન એ સંસારનો અફર નિયમ છે તે સ્વીકારીને સમયની સાથે બદલાતા રહેવું પડે એ સમજાયું છે. પરિણામે પ્રિન્ટીંગ ક્ષેત્રે આવતી પ્રત્યેક નવી ટેક્નોલોજી સાથે કામ પાડતાં શીખ્યા છીએ. ૧૯૯૧માં સીંગલ કલર ઓફસેટથી શરૂ કરેલી યાત્રામાં આજે વિશ્વના આધુનિક ફાઈવ કલર અને મલ્ટીકલર મશીન, તથા વેબ ઓફસેટ, CTP યુનિટ સાથેનું “વનસ્ટોપ સોલ્યુશન” ડિઝીટલ મશીન પણ કેપિટલ ઓફસેટમાં સામેલ થયા છે. આ બધા સાથે આધુનિક બાઈન્ડીંગ તથા કટીંગની સગવડ તેમજ આધુનિક ફ્લેક્ષ બેનર યુનિટ અમે ધરાવીએ છીએ. એનો યશ સમગ્ર કેપિટલ પરિવાર અને સાતત્યપૂર્ણ સાથ નિભાવતાં ગ્રાહકોને આપવો ઘટે.

આજે ૩૧માં મંગળ પ્રવેશ પ્રસંગે અમે, અમારો સ્ટાફ ગાંધીનગર શહેર અને સમગ્ર ગુજરાતની અગ્રગણ્ય સામાજિક, સાંસ્કૃતિક, શૈક્ષણિક અને સેવાકીય સંસ્થાઓ, અખબારો, જ્ઞાતિઓ, સમાજો, સહકારી સંસ્થાઓ, રાજ્ય સરકાર, રાજ્ય સરકારના તમામ વિભાગો, બોર્ડ અને નિગમો, તમામ સરકારી કચેરીઓનો સહકાર આપવા બદલ હૃદયપૂર્વક આભાર માનીએ છીએ. અમારી સફળતા એ અમારા ઉપરની આપની શ્રધ્ધાનું ફળ છે તેની અમને ખબર છે અને આ સહકાર હંમેશા અમારી સાથે રહે એવી પ્રભુ પ્રત્યે પ્રાર્થના છે.

- રમેશ જી. પટેલ
- મેહુલ આર. પટેલ

**કેપિટલ ઓફસેટ®**

AN ISO 9001:2015 Certified Company

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. | ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર

મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮ | ૯૯૨૫૨ ૩૫૪૫૯ | www.capitaloffset.in | E-mail : capitaloffsetgujarat@gmail.com